# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૦૭/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા આયોજિત 'યાર્ન એક્ષ્પો–૨૧'ને કારણે ૫૦૦ કરોડનો બિઝનેસ જનરેટ થવાની સંભાવના

## ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીને એકસપોર્ટ માટે અપાયેલા ટાર્ગેટને પહોંચી વળવા માટે પણ 'યાર્ન એક્ષ્પો– ૨૧' કારગત સાબિત થશે : આશીષ ગુજરાતી

## વિવર્સ અને નીટર્સને એકજ સ્થળે જુદી–જુદી વેરાયટીના યાર્ન જોવા મળ્યા, હવે તેઓ યાર્ન ઉત્પાદકો પાસેથી સેમ્પલ મંગાવી નવા ફેબ્રિક ડેવલપ કરશે

## ચેમ્બરની યાર્ન એક્ષ્પોની ચોથી આવૃત્તિ તા. ૨૦ થી ૨૨ ઓગષ્ટ, ૨૦૨૨ દરમ્યાન યોજાશે, યાર્ન પ્રદર્શનમાં મળેલા બાયર્સના જબરજસ્ત પ્રતિસાદને પગલે એકઝીબીટર્સે અત્યારથી જ બુકીંગની તૈયારી દર્શાવી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન

સેન્ટરમાં યોજાયેલા 'યાર્ન એક્ષ્પો– ૨૧'ને કારણે આગામી ચાર મહિનામાં આશરે રૂપિયા ૫૦૦ કરોડનો બિઝનેસ જનરેટ થવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. ત્રણ દિવસ દરમિયાન ૧૫ હજારથી વધુ બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. એકઝીબીટર્સને સારો બિઝનેસ મળવાની પાકી સંભાવનાને કારણે વર્ષ ૨૦૨૨માં ૨૦થી ૨૨ ઓગષ્ટ દરમ્યાન યોજાનારી યાર્ન એક્ષ્પોની ચોથી આવૃત્તિમાં બુકીગ માટે દેશભરના યાર્ન ઉત્પાદકોએ અત્યારથી જ તૈયારી દર્શાવી હતી.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, અગાઉ જણાવ્યા મુજબ વિવિંગ અને નીટિંગ ઇન્ડસ્ટ્રીના ઉદ્યોગકારોએ યાર્ન એક્ષ્પોમાં પ્રદર્શિત કરાયેલા અલગ અલગ વેરાયટીના યાર્ન જેવા કે ટેનસેલ લકસ યાર્ન (અહિંસક સિલ્ક, વિગન સિલ્ક), બનાના યાર્ન (કેળાનો કાંતો), બામ્બુ યાર્ન (વાંસનો કાંતો), પ્લાસ્ટીકની બોટલમાંથી બનાવવામાં આવેલું ૧૦૦ ટકા રિસાયકલ પોલિએસ્ટર યાર્ન, એન્ટીમાઇક્રોબિઅલ યાર્ન (મેડીકલ ઉપયોગ માટે), વિસ્કોસ ફિલામેન્ટ યાર્ન (ડાઇડ યાર્ન), નાયલોન રિસાયકલ યાર્ન (જીઆરએસ પ્રમાણિત ૧૦૦ ટકા રિસાયકલ યાર્ન), વિસ્કોસ સ્પન યાર્ન, પોલિએસ્ટર સ્પન યાર્ન, નાયલોન એન્ડ પોલિએસ્ટર હાઇટેનાસિટી યાર્ન (ઔદ્યોગિક ઉપયોગ માટે), ડાઇડ યાર્ન, ફેન્સી યાર્ન, કોટન તથા અન્ય નેચરલ યાર્નને નિહાળ્યા હતા.

હવે યાર્ન ઉત્પાદકો પાસેથી તેઓ સેમ્પલ મંગાવશે અને ફેબ્રિક ડેવલપ કરશે. જેથી આગામી ચાર મહિનામાં રૂપિયા ૫૦૦ કરોડનો બિઝનેસ જનરેટ થશે. આ યાર્નના સેમ્પલીગ કરીને વિવિધ પ્રકારના નવા ફેબ્રિક અને નવી ડિઝાઇન બનાવવામાં આવશે. આ યાર્નમાંથી સ્પોર્ટ્સ માટે વપરાતા ફંકશન્સ ગારમેન્ટનું ડેવલપમેન્ટ પણ સુરતથી થશે. આ ક્રિએશન ફેબ્રિક એકસપોર્ટ કરવા માટે પણ કામ લાગશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીને એકસપોર્ટ માટે કુલ ૨૦૦ બિલિયન યુએસ ડોલરનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે. ચાલુ નાણાંકીય વર્ષ માટે ૪૫ બિલિયન યુએસ ડોલરનો ટાર્ગેટ ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી માટે આપવામાં આવ્યો છે, જેને હાંસલ કરવા માટે આ પ્રદર્શન સાચા અર્થમાં કારગત સાબિત થશે.

યાર્ન એક્ષ્પોમાં દેશભરમાંથી બાયર્સ ઉમટી પડયા હતા. ગુજરાત બહારથી દેશના જુદા–જુદા શહેરોમાંથી ૮૦૦ જેટલા બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. દરમ્યાન આજરોજ ચીફ ઇન્કમ ટેકસ કમિશનર કવિતા ભટનાગર, એડીશનલ ચીફ ઇન્કમ ટેકસ કમિશનર રાહુલ કુમાર, પોલીસ કમિશનર અજય તોમર અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓએ પણ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, યાર્ન એક્ષ્પો– ૨૧માં પ્રથમ દિવસે ૫૧૨૭, બીજા દિવસે ૫૮૮૫ અને આજે છેલ્લા ત્રીજા દિવસે ૪૨૪૫ બાયર્સ મળી કુલ ૧૫૨૫૭ બાયર્સે પ્રદર્શનની મુલાકાત લેતા ખૂબ જ સારો બિઝનેસ એકઝીબીટર્સને મળશે. આગામી વર્ષે તા. ૨૦ થી ૨૨ ઓગષ્ટ, ૨૦૨૨ દરમ્યાન ચેમ્બરની યાર્ન એક્ષ્પોની ચોથી આવૃત્તિની જાહેરાત કરવામાં આવી હતી.